**<u>આંક–૯૫ લગત હુકમ</u>**

(૧) બંને પક્ષકારોની  દલીલો સાંભળી, તથા કેસનુ રેકર્ડ ધ્યાને લીધુ. હાલની અરજીનો ન્યાયિક નિર્ણય કરવા માટે ધ્યાને રાખવાના કાયદાકીય મુદ્દાઓ ધ્યાને લીધા.

(૨)  આ કામના વાદીએ આક–૧૨૪ થી હાલની અરજી અન્વયેની તેઓની લેખીત દલીલ રજુ રાખેલ  છે. જે મે ગંભીરતાપુર્વક વંચાણે લઈ હાલની અરજીનો નીર્ણય કરતા સમયે ધ્યાને લીધેલ છે. આ ઉપરાંત વાદીએ જાતે હાલની અરજી અન્વયેની તેઓની મૌખિક દલીલોમા આ કામના સમગ્ર રેકર્ડ તરફ મારુ ધ્યાન દોરેલ છે અને દલીલ કરેલ છે કે, ઈન્ટ્રીમ મેન્ડેટરી ઈન્જકશન આપવાની અદાલતને ચોકકસ સત્તા છે. આ કેસ  ચાલે ત્યાં સુધી જો વાદીએ માંગ્યા મુજબનો વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ નહી આપવામા આવે તો વાદીને પોતાની મીલકતનો ઉપયોગ કરવા માટે ઘણી હાડમારી થાય તેમ છે અને પ્રતીવાદીઓને તેઓના ગેરકાયદેસર ના કૃત્ય નો લાભ મળે તેમ છે. પ્રતીવાદીઓ કાયદાના કોઈ પણ જાતના ડર ન હોય તે રીતે વર્તી રહેલ છે. વાદીએ પોતાનો કેસ રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરેલ છે. હાલની અરજીથી માંગવામા આવેલ વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ આપવાથી દાવો પુર્ણ થયે તે પહેલા જ હુકમનામું કરી દેવા બરાબર થશે નહી કારણ કે વાદીએ આ ઉપરાંત બીજી પણ દાદ માંગેલ છે. આથી, હાલની અરજી મંજુર કરવી જોઈએ.

(૩)  પ્રતિવાદીના વિ.વ.શ્રીએ તેઓની દલીલમાં રજુઆત કરેલ છે કે, આ કામે અગાઉથી વીજ થાંભલો સ્થળ પર અસ્તીત્વમા જ છે . પ્રતિવાદીએ કોઈ જ નવુ બાંધકામ કરેલ નથી. વાદીએ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપી દેવામા આવશે તો દાવો ચાલતા અગાઉ જ હુકમનામુ કરી દેવા બરાબર થશે. આથી હાલની અરજી નામંજુર કરવી જોઈએ.

(૪)  બંને પક્ષકારોની રજુઆત ગંભીરતાપૂર્વક ધ્યાને લીધી. હવે હાલની અરજી ધ્યાનેલેતા વાદી હાલની અરજી અન્વયે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમની અરજી દાખલ કરેલ છે અને સદર અરજીમાં વાદીએ પ્રતીવાદીઓ ધ્વારા કરવામાં આવેલ બાંધકામ (દબાણ)

તાત્કાલીક અસરથી દુર કરવા માટેના વચગાળાના આદેશઆત્માક મનાઈ હુકમની માગણી કરેલ છે. હવે વાદીએ જયારે વચગાળાના આદેશાત્મક મનાઈ હુકમ ની માગણી કરેલ છે ત્યારે વચગાળા આદેશાત્મક મનાઈહુકમની અરજીના નીર્ણયને અસર કરતી કાયદાકીય પરીસ્થીતી ધ્યાને લેતા જણાય છે કે આ કામના વાદીએ પોતે આધાર રાખેલ નામદાર સર્વોચ અદાલતના દોરાબ કાસ્વાસજી વાર્ડન વી. કુમી સોરાબ વાર્ડન એ.આઈ.આર.૧૯૯૦ એસ.સી. ૮૬૭ ના કેસના ચુકાદામાં નામદાર સર્વોચ અદાલતે નીચે મુજબ અવલોકન કરેલ છે.

"In one of the earliest cases in Rasul Karim & Anr. v. Pirubhai Amirbhai, ILR 1914 38 Bom. 381, Beaman, J. was of the view that the court's in India have no power to issue a temporary injunc- tion in a mandatory form but Shah, J. who constituted a Bench in that case did not agree with Beaman, J. in this view. However, in a later Division Bench judgment in Champ- sey Bhimji & Co. v. The Jamna Flour Mills Co. Ltd., ILR 191416 Bom. 566, two learned Judges of the Bombay High Court took a different view from Beaman, J. and this view is now the prevailing view in the Bombay High Court. In M. Kandas- wami Chetty V.P. Subramania Chetty, ILR 191841 Mad. 208, a Division Bench of the Madras High Court held that court's in India have the power by virtue of Order 39 Rule 2 of the Code of Civil Procedure to issue temporary injunction in a mandatory form and differed from Beaman's view accepting the view in Champsey Bhimji & Co. v. Jamna Flour Mills Co. (supra). In Israil v. Shamser Rahman, ILR 191441 Cal. 436, it was held that the High Court was competent to issue an interim injunction in a mandatory form. It was further held in this case that in granting an interim injunction what the Court had to determine was whether there was a fair and substantial question to be decided as to what the rights of the parties were and whether the nature and difficulty of the questions was such that it was proper that the injunc- tion should be granted until the time for deciding them should arrive. It was further held that the Court should consider as to where the balance of convenience lie and whether it is desirable that the status quo

should be main- tained. While accepting that it is not possible to say that in no circumstances will the Courts in India have any juris- diction to issue an ad interim injunction of a mandatory character, in Nandan Pictures Ltd. v. Art Pictures Ltd. & Ors., AIR 1956 Cal. 428 a Division Bench was of the view that if the mandatory injunction is granted at all on an interlocutory application it is granted only to restore the status quo and not granted to establish a new state of things differing from the state which existed at the date when the suit was instituted. The relief of interlocutory mandatory injunctions are thus granted generally to preserve or restore the status quo of the last non-contested status which preceded the pending controversy until the final hearing when full relief may be granted or to compel the undoing of those acts that have been illegally done or the restoration of that which was wrongfully taken from the party complaining. But since the granting of such an injunction to a party who fails or would fail to establish his right at the trial may cause great injustice or irreparable harm to the party against whom it was granted or alternatively not granting of it to a party who succeeds or would succeed may equally cause great injus- tice or irreparable harm, courts have evolved certain guid- lines. Generally stated these guidelines are:

(1) The plaintiff has a strong case for trail. That is, it shall be of a higher standard than a prima facie case that is normally required for a prohibitory injunction. (2) It is necessary to prevent irreparable or serious injury which normally cannot be compensated in terms of money. (3) The balance of convenience is in favour of the one seeking such relief. Being essentially an equitable relief the grant or refusal of an interlocutory mandatory injunction ***shall ultimately rest in the sound judicial discretion of the Court to be exercised in the light of the facts and circum- stances in each case.*** Though the above guidelines are nei- ther exhaustive or complete or absolute rules, and there may be exceptional circumstances needing action, applying them as prerequisite for the grant or refusal of such injunctions would be a sound exercise of a judicial discretion."

(પ) તેજ રીતે નામ.સર્વોચ્ચ અદાલતે Hammad Ahmed Vs. Abdul Majeed ના કેસમાં પણ નીચે પ્રમાણે ઠરાવેલ છે.

" 56. The grant of mandatory injunction is not prohibited even in Samir Narain Bhojwani case (supra). It has held that unless clear and prima facie material justifies a finding that status quo has been altered by one of the parties the order in mandatory injunction can be given.

57. ***The ad interim mandatory injunction, is to be granted not at the asking but on strong circumstance so that to protect the rights and interest of the parties so as not to frustrate their rights regarding mandatory injunction***. In Deoraj vs. State of Maharashtra and Others18, this Court held that Court would grant such an interim relief only if it is satisfied that withholding of it would prick the conscience of the Court and do violence to the sense of justice, resulting in injustice being perpetuated throughout the hearing, and at the end the Court would not be able to vindicate the cause of justice. Therefore, in appropriate case, ad-interim injunction in mandatory form can be granted. The Court held as under:- “12. Situations emerge where the granting of an interim relief would tantamount to granting the final relief itself. And then there may be converse cases where withholding of an interim relief would tantamount to dismissal of the main petition itself; for, by the time the main matter comes up for hearing there would be nothing left to be allowed as relief to the petitioner though all the findings may be in his favour. In such cases the availability of a very strong prima facie case — of a standard much higher than just prima facie case, the considerations of balance of convenience and irreparable injury forcefully tilting the balance of the case totally in favour of the applicant may persuade the court to grant an interim relief though it amounts to granting the final relief itself. Of course, such would be rare and exceptional cases. The court would grant such an interim relief only if satisfied that withholding of it would prick the conscience of the court and do violence to the sense of justice, resulting in injustice being 18 (2004) 4 SCC 697 perpetuated throughout the hearing, and at the end the court would not be able to vindicate the cause of justice. ***Obviously such would be rare cases accompanied by compelling circumstances, where the injury complained of is immediate and pressing and would cause extreme hardship.*** The conduct of the parties shall also have to be seen and the court may put the parties on such terms as may be prudent.”

> 58. The argument that under Order XXXIX Rules 1 and 2 of the Code, the Court has the jurisdiction to maintain the status of the parties on the date of filing of the suit or on the date of passing of the order but cannot direct the parties to do something which was not in existence at the time of filing of the suit, is not a general rule of universal application. ***The nature of the orders claimed by the Appellant are not passed ordinarily in a routine manner as the Plaintiff is required to have a case which should be of higher standard than mere prima facie case."***

આ ઉપરાંત વાદી તરફે આધાર રાખવામા આવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટના હીન્દુસ્તાન એન્જીન્યરીંગ વી. કાલીન્દી ના કેસનો તથા મહીપતસીહ જાડેજા વી. પન્નાલાલ મોદીના કેસનો ચુકાદો પણ મે ખુબ જ માનપુર્વક અને ધ્યાનપુર્વક અક્ષરસ: વંચાણે લીધેલ છે અને તેમા પ્રસ્થાપીત કરેલ સીધ્ધાંતો આ અરજીનો નીર્ણય કરતી વખતે લક્ષમા રાખેલ છે.

(૬) આમ, ઉપરોકત ચુકાદા ધ્યાને લેતા આ અદાલતની વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ આપવાની સત્તા રહેલી છે તે બાબત ર્નીવીવાદી છે પરંતુ સાથે સાથે એ વાત પણ ચોકકસ છે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ દરેક સામન્ય પ્રકારના કેસમા પણ આપવો યોગ્ય નથી. વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ અપવાદ રૂપ કેસમા જયારે અદાલતને એમ જણાય કે તે વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ નહી આપવામા આવેતો તે માંગનાર પક્ષકારને ખુબજ ગંભીર નુકશાન થાય તેમ છે તેવા સંજોગોમા આપવો જોઈએ અને તેમા પણ તે પ્રકારનો વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ મેળવવા માટે વાદીએ પ્રાઈમાફેસીસ કેસ કરતા પણ વધારે મજબુત પ્રકારનો કેસ પ્રસ્થાપીત કરવો જોઈએ અને સાથે સાથે અદાલતે તે પ્રકારનો વચગાળાનો આદેશાત્મક મનાઈ હુકમ આપવાથી સામા પક્ષકારને થઈ શકનાર સંભવીત નુકશાન પણ ધ્યાને લેવુ જોઈએ અને બન્ને પક્ષકારોના હીતોનુ સમતોલ પણુ ધ્યાને લેતા બેલેન્સ ઓકન્વીનીયન્સ કોની તરફેણ મા છે તે બાબત પણ ધ્યાને લેવી જોઈએ. વળી, વચગાળાનો આદેશાત્મક

મનાઈ હુકમ આપવો કે ન આપવો તે બાબત પણ અદાલતની વીવેક બુધ્ધીની સત્તાની બાબત છે.

(૭) હવે આ કેસની હકીકતો ધ્યાને લેતા વાદીના કેસ મુજબ વાદીના મકાન તરફ જવા માટેનો રસ્તો વાદીના મકાન તરફથી આગળ જતા લાલુ હેમરાજભાઈ અને સરદારભાઈ કચરાભાઈ ના ઘર પાસે ૧૯.૬ ફુટ પહોળાઈનો આવેલ છે અને સદર રસ્તો આગળ જતા ૩૯.૫ ફુટ પહોળાઈનો ખરેખર છે પરંતુ ૩૯.૫ ફુટ પહોળાઈના રસ્તામા આ કામના પ્ર તીવાદી નં–ર રાજીબેન તથા પ્રતીવાદી નંબર–૪ નાઓએ ઓરડી તથા અન્ય બાંધકામ કરી સદર ૩૯.૫ ફુટ પહોળાઈનો રસ્તો સાંકડો કરી ૧૭.૫ ફુટ પહોળાઈનો રહેવા દીધેલ છે. આ બાબત દર્શાવવા વાદીએ માર્ક–૪/૫ થી સ્થળ સ્થીતી દર્શાવતો કાચો નકશો પોતે તૈયાર કરીને રજુ કરેલ છે. વાદીએ રજુ કરેલ સદર નકશો ધ્યાને લેતા વાદીએ પોતે તૈયાર કરી રજુ કરેલા નકશા મુજબ વાદીના ઘરે જવાનો રસ્તો વાદીના પોતાના કેસ મુજબ લાલુ હેમરાજભાઈ તથા સરદારભાઈ કચરાભાઈના ઘર પાસે ૧૯.૬ ફુટ પહોળાઈનો આવેલ છે અને તે રસ્તામા આગળ જતા પ્રતીવાદીઓએ દબાણ કરેલ છે સદર રસ્તો દબાણ ના કારણે ૧૭.૫ ફુટ પહોળાઈનોજ આગળ જતા રહેવા પામેલ છે. વાદીના કેસ મુજબ સદર દબાણ પ્રતીવાદી નંબર–ર નાઓએ ઓરડી રસ્તા પૈકી જગ્યામા બનાવીને કરેલ છે અને સદર ઓરડીની તરત પાછળ આ કામના પ્રતીવાદી નંબર–૪નાઓએ આ દાવાની તાારીખ અગાઉ માટીના ટેકરા કરીને રસ્તામાં દોઢથી બે ફુટ નુ લેવલ કરી લાકડાના તથા સીમેન્ટ તથા ઉપર પરતા નાખીને ગેરકાયદેસર દબાણ કરેલુ હતુ. આમ વાદીના કેસ મુજબ સદર દબાણ પ્રતીવાદી– નાઓએ ઓરડી બનાવી ને સદર ઓરડીની પાછળ પ્ર તીવાદી નંબર–૪ નાઓએ સીમેન્ટ તથા લાકડાના થાંભલા તથા તે ઉપર પતરા નાખીને કરેલ છે. વાદીએ આ કામે ચાલુ દાવે આક–૯ર ની સુધારા અરજીથી રજુઆતા કરેલ છે કે સદર પ્રતીવાદી નં–૪નાઓએ જે સીમેન્ટ તથા લાકડાના થાંભલા ઉપર પતરા નાખી દબાણ કરેલ હતુ તે જગ્યાએ પ્રતીવાદી નં –૪ નાઓએ સંડાસ બાથરૂમનુ બાંધકામ

કરી દીધેલ છે અને તે અરજીની તારીખે પથ્થરોનો પાયો પુરી મકાન બનાવવાની તજવીજ કરે છે. જે બાબતે વાદીએ આ દાવાના કામે તેઓની દાવા અરજીમાં સુધારો કરવાની અને તે ધ્વારા સદર ચાલુ દાવે કરવામા આવેલ પ્રતીવાદી નં –૪ નુ બાંધકામ પણ ચેલેન્જ કરવા માટેનો સુધારો દાવા અરજી મા કરવા માટેની દાદ માગતી સદર આક–૯૨ ની અરજી વાદીએ દાખલ કરેલ હતી. જે સુધારા અરજી આ અદાલતે મંજુર કરેલ છે અને તે અનુસાર વાદીએ સદર પ્રતીવાદી નં –૪ ધ્વારા ચાલુ દાવે કરવામા આવેલ (જો કોઈ કરવામા આવેલ હોયતો) બાંધકામ પણ ચેલેન્જ કરેલ છે.

(૮)આમ, સબસ્ટન્સમા જોવામા આવેતો વાદીના કેસ મુજબ સદર રસ્તા મા પ્રતીવાદી નં –૨ નાઓએ ઓરડી બનાવીને દબાણ કરેલ છે અને તેની પાછળના ભાગે તેને સમાન્તર પ્ર તીવાદી–૪ નાએ પણ ઉપરોકત સીમેન્ટ/ લાકડાના થાંભલા ઉપર પતળાવાળુ અને તે જગ્યાએ ચાલુ દાવે બાથરુમ સંડાસ તથા પાયનુ કરેલ બાંધકામ કરેલ છે હવે વાદીએ પોતે માર્ક–૪/૫ થી રજુ કરેલ નકશો ધ્યાને લેતા જણાય છે કે પ્રતીવાદી–૨ તથા ૪ નાઓએ કરેલ દબાણ પૈકી કોઈ એકજ પ્રતીવાદીનુ દબાણ દુર કરવામા આવેતો તેનાથી વાદીના રસ્તાની પહોળાઈ જે વાદીના કહેવા મુજબ ૧૭.૫ ફુટની દબાણ બાદ રહેલ છે તે પહોળાઈમા કોઈ વધારો થઈ શકે નહી. વાદીનો રસ્તો કે જે વાદીએ જણાવેલ છે તે ખરેખર પહોળો કરવો હોયતો તે માટે પ્રતીવાદી નં–૨ તથા પ્રતીવાદી નં–૪ બંન્નેનુ બાંધકામ દુર કરવામા આવે તોજ તે રસ્તાની પહોળાઈ વધી શકે તેમ છે. વાદીની સમગ્ર દાવા અરજી વંચાણે લેતા  વાદીએ કયાય એ હકીકત જણાવેલ નથી કે આ કામના પ્ર તીવાદી નં–૨ની ઓરડી કે જે વાદીના કેસ મુજબ વાદીના રસ્તા મા દબાણ કરી બનાવવામા આવેલ છે તે ઓરડી કયારે બનાવવામા આવેલ હતી. પ્રતીવાદીના કેસ મુજબ તે ઓરડી ૧૯૮૪ ના વર્ષમાં બનાવવામાં આવેલ હતી. આમ જો ઓરડી વર્ષો અગાઉ બનાવવામા આવેલ હોય અને વાદી તેને હાલ ૨૦૧૬ ના વર્ષમાં ચેલેન્જ કરવા આવેલ હોય તો વચગાળાના આદેશાત્મક મનાઈ હુકમથી તે ઓરડી તોડી પાડવાનો હુકમ કરવો કોઈ

પણ રીતે ન્યાય સંગત ગણાશે નહી. પ્રતીવાદીઓ ના કેસ મુજબ તે ઓરડી ૧૯૮૪ ના વર્ષથી બનાવવામા આવેલ છે. જયારે વાદી આ ઓરડી કયારે બનાવવામા આવેલ તે બાબતે કોઈ હકીકત જણાવતા નથી. પરંતુ આ કામે વાદીએ પોતે માર્ક–૪/૨ થી રજુ કરેલ દસ્તાવેજ ધ્યાને લેતા વાદીએ માર્ક–૪/૨ થી પોતે તાલુકા વીકાસ અધીકારીશ્રી ને કરેલ અરજીની નકલ રજુ રાખેલ છે. જે અરજીમા વાદીએ જણાવેલ છે કે '' તદ ઉપરાંત ભગવાન ભીખાએ જે દબાણ કરેલ છે તેની પાછળ રસ્તામા એક ગેરકાયદેસરની ઓરડી બાબુ હેમરાજે બનાવેલી છે. બાબુ હેમરાજે રસ્તા વચ્ચે કાચી ઓરડી બનાવેલ ત્યારે વીરોધ થયેલો તેમને ઓરડી જરૂર પડશે ત્યારે કાઢી નાખશે તેવુ જણાવેલ. બાબુ હેમરાજનુ મૃત્યુ થયુ છે પરંતુ ઓરડી હાલમા ઉભી છે. આમ આ ગેરકાયેદસર ઉભેલી રસ્તા વચ્ચેની ઓરડી ને દુર કરાવી રસ્તો દુર કરવા અમારી અરજ છે. '' સદર માર્ક–૪/૨ વાળી અરજી વાદીએ તાલુકા વીકાસ અધીકારીને તા. ૨૭/૧૦/૧૪ ના રોજ આપેલી છે. આમ સદર અરજી મુજબ સદર દબાણ વાળી ઓરડી બાબુભાઈ હેમારાજભાઈ નામની વ્યકતીએ બનાવેલ હતી અને તે ૨૦૧૪ ના વર્ષની અરજીના દીવસે પણ બાબુભાઈ હેમરાજભાઈ મરણ ગયેલ હતા. આમ સદર ઓરડી બાબુભાઈ હેમરાજભાઈના જીવનકાળ દરમીયાન બનાવેલ હતી, તે બાબત સ્વાભાવીક છે. આ ઉપરાંત વાદીએ માર્ક–૪/૧ ૮ (૧) તથા ૪/૧૮(૪) થી રજુ કરેલ ફોટો ગ્રાફ ધ્યાને લેતા એક વીજ થાંભલા પાસે બનેલ ઓરડી તેમા દેખાય છે. વાદી પોતાની દાવા અરજીમા ના પેરા–૯ મા પણ તોતે ઓરડીના ફોટોગ્રફ રજુ કરેલ હોવાનુ જણાવેલ છે. જે ઓરડી પણ કોઈ તાજુ બાંધકામ હોય તેવુ આ ફોટોગ્રફ્સ જોતા જણાતુ નથી. આથી હાલના તબકકે પ્રથમ દર્શનીચરીતે એવુ જણાઈ આવે છે કે સદર ઓરડી જુનુ બાંધકામ છે જેને વાદી હાલના કામે ચેલેન્જ કરેલ છે. અત્રે ખુબજ નોધનીય છે સદર ઓબઝરવેશન એ આ અદાલતનુ ફકત હાલના વચગાળાના તબકકેનુ જ પ્રાઈમા ફેશી ઓબજરવેશન જ છે. જે હાલ સુધી રેકર્ડ ઉપર રજુ થયેલ મટીરીયલને આધારે કરવામા આવેલ છે. ખરેખર આ બાંધકામ કેટલા

વર્ષ જુનુ છે અને તે સમય મર્યાદામા વાદીએ આ દાવાના કામે ચેલેન્જ કરેલ છે કે નહી તે બાબત વીસ્તૃત પુરાવાનો વિષય છે જે સમગ્ર પુરાવો નોઘ્યા બાદજ સમગ્ર ટ્રાયલના અંતેજ નીર્ણીત કરી શકાશે. પરંતુ જયારે હાલના તબકકે વાદીએ પોતે રજુ કરેલ મટીરીયલના આધારે આ ઓરડી તાજુ બાંધકામ ન હોવાનુ જણાઈ આવતુ હોય ત્યારે વાદીએ માંગ્યા મુજબનો  વચગાળાના આદેશાત્મક મનાઈ હુકમ સદર ઓરડી વચગાળાના તબકકે જ તોડી પાડવાનો કરવો કોઈ પણ રીતે ન્યાયોચીત જણાતુ નથી.

(૯) આ ઉપરાંત સીવીલ પ્રોસીજર કોડ–૧૯૦૮ ના ઓર્ડર –૭ રૂલ ૧(ઈ) ઘ્યાને લેતા દાવાનુ કારણ કયારે ઉભુ થયુ તે ચોકકસ સમય દાવા અરજી જણાવવો જરૂરી છે. હાલના કામે વાદીએ દાવા અરજી માં સદર દબાણ વાળુ ઓરડીનુ બાંધકામ કયારે કરવામા આવેલ તે વાદીએ જણાવેલ નથી. વાદીના દાવાનુ કારણ ખરેખર કયારે ઉભુ થયેલુ ગણાય તે બાબત તો વીસ્તૃત દલીલો અને રજુઆત સાભળ્યા બાદ ટ્રાયલના અંતે જ નકકી કરી શકાશે પરંતુ આ મારુ હાલના વચગાળાના તબકકે પ્રથમદર્શનીય રીતે નમ્રતા પુર્વક માનવુ છે કે વાદીનુ દાવાનુ કારણ વાદીએ તલાટીશ્રીને નોટીસ આપી ત્યારથી નહી પરંતુ સદર દબાણ વાળુ ઓરડીનુ બાંધકામ કરવામા આવેલ ત્યારે ઉભુ થયેલુ ગણાય. આથી વાદીએ સદર ઓરડીનુ બાધકામ કયારે કરવામા આવેલ તે હકીકત દાવા અરજીમા જણાવવી જરૂરી હતી. આ કારણે પણ વાદીએ માગ્યા મુજબનો  વચગાળાના આદેશાત્મક મનાઈ હુકમ મંજુર કરવો અને વચગાળાના તબકકે જ પ્રતીવાદીનુ બાધકામ તોડી પાડવાનો હુકમ કરવો કોઈ પણ રીતે ન્યાયોચીત જણાતુ નથી.

(૧૦)આ કામે વાદીના કેસ મુજબ પ્રતીવાદી નં–ર નાએ ઓરડીનુ બાંધકામ કરેલ છે જયારે આંક–૯ર ની વાદીની અરજી મુજબ પ્રતીવાદી–જનાએ જે સીમેન્ટ અને લાકડાના થાંભલા ઉપર પતરા નાખી દબાણ કરેલ હતુ તે જગ્યાએ સંડાસ બાથરૂમનુ બાંધકામ કરેલ છે અને મકાન બનાવવાની તજવીજ કરેલ છે જે માટે આંક–૯રની અરજી સમયે જ પથ્થરોના પાયા પણ પુરેલ હતા. આમ વાદીની હાલની અરજી જો મંજુર કરવામા આવેતો પ્ર

તીવાદીઓનુ સદર બાંધકામ (ઓરડી તથા સંડાસ બાથરૂમનુ તથા તે બાદ કરવામા આવેલ મકાનનુ બાધકામ, જો કરવામા આવેલ હોયતો ) તે ખરેખર ગેર કાયદેસર અને વાદીના રસ્તામા આવેલ છે કે નહી તેનો આખરી ન્યાયીક નીર્ણય થતા અગાઉ તોડી પાડવામા આવે. જે વીરૂધ્ધ જો વાદીની હાલની વચગાળાના આદેશાત્મક મનાઈ હુકમની અરજી ના મંજુર કરવામા આવે તો સદર પ્રતીવાદી ધ્વારા કરવામા આવેલ દબાણ બાદ પણ વાદીના ઘરે જવાનો રસ્તો ૧૭.૫ ફુટ પહોળાઈનો બાકી રહેવા પામેલ છે. આમ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ ધ્યાને લેતા પણ વાદીની વચગાળાના આદેશાત્મક મનાઈ હુકમની હાલની અરજી મંજુર કરવા પાત્ર જણાતી નથી. જે તમામ બાબત ધ્યાને લેતા વાદીની હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી ન હોઈ ન્યાયના હીતમાં હાલની અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છું.

-:: હુકમ ::-

આથી વાદીની હાલની વચગાળાના આદેશાત્મક મનાઈહુકમની અરજી આથી નામંજુર કરવામાં આવે છે. આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરિણામને અનુસરશે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી, જાહેર કર્યો.

ખેરાલુ.

તા.૦૧/૦૨/૨૦૨૫

(રાકેશકુમાર વસંતલાલ સોની)
એડી. સીની. સીવીલ જજ,ખેરાલુ.
Judges Code No. GJ 01193